હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

મેં તો બંને બાળકોને કહી દીધું કે... શાન્તા રમકડાં આપવા જેવી ક્લોઝ આવે તે પહેલા માસ્ક પહેરી લેવાનો...!!!

કેટલાક વ્યક્તિઓ સમુહમાં પણ અલગ તરી આવે છે. આવા વ્યક્તિઓમાંના એક એટલે પ્રકાશ લાલા.. પ્રકાશ લાલાનું નામ ગાંધીનગરાઓ માટે સહેજ પણ અજાણ્યુ નથી. સાહિત્ય સર્જન અને નાટ્ય ક્ષેત્રે રસ ધરાવનારા સૌ માટે પ્રકાશલાલા એટલે એક હરતી ફરતી યુનિવર્સીટી જ જોઈ લો.. લાલા કાકા.. ના હુલામણા નામે આપણા સૌની વચ્ચે જાણીતા પ્રકાશ લાલાની સરકારી અધિકારીથી લઈને સાહિત્યકાર, નાટયકાર સુધીની સફર ખુબજ રસપ્રદ અને સન્માનપૂર્વકની રહી.. નાટય ક્ષેત્રે અને અભિનય ક્ષેત્રે ડંકો વગાડનાર ગાંધીનગરના ઘણા કલાકારોને લાલા કાકા એ જ અભિનયનો અ શીખવ્યો એવું કહીએ તો જરાય અતિશયોક્તિ નહીં લાગે.. આપણા સૌના લાલાકાકા એ તેમના જીવનના ૭૫ વર્ષ પુર્ણ કર્યા તે અવસરે પ્રકાશપર્વનું આયોજન કરી તેમના મિત્રો, ચાહકો, સાહિત્યરસિકો અને વિદ્યાર્થીઓએ તેમને અનોખી રીતે બિરદાવ્યા.. આ અવસરે તેમના પાંચ પુસ્તકોનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં વૃક્ષોના વાવેતર માટે ખાડાઓ ખોદવાની કામગીરી ચાલી રહી છે.
- ગાંધીનગર શહેરની તંદુરસ્ત બાળ હરિફાઇ આગામી ૧લી જાન્યુઆરીના રોજ યોજાશે. સે.૨૮ના બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.
- પંચાયત સંવર્ગની વિવિધ જગ્યાઓ માટે ખાતાકીય પરીક્ષાઓ આજે સંપન્ન થતાં પંચાયત તંત્રએ રાહતનો શ્વાસ લીધો ચે.
- ગાંધીનગર જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવિણા ડી.કે. રજા પર જતાં ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌતમને વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.
- આજે મોટા ચિલોડા ગામે જિલ્લા મંત્રી અંજનાબેન પટેલના બુથમાં મનકી બાત સાંભળવા જિલ્લા પ્રદેશના ભાજપના નેતાઓ હાજર રહ્યા હતા.
- દહેગામ તાલુકા ગોસ્વામી સમાજનો પ્રથમ સ્નેહમિલન સમારોહ ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ તેમજ પ. પૂ. ધ. ધૂ. ૧૦૦૮ મહંત અમરભારતીજી ગુરૂ ઝવેરભારથીજી કમાણા અખાડા વિસનગરની ઉપસ્થિતિમાં યોજાયો હતો.
- દહેગામના કનીપુરમાં ઓપન કબ્ડ્ડી ટુનમિન્ટનું આયોજન કારયું છે.
- માણસા જાયન્ટ્સ ગ્રૂપ દ્વારા માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- સે.૫ ખાતે આવેલ ખોડિયાર માતાના મંદિરે આજે સોનલ બીજની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.
- નડિયાદ ખાતે તાજેતરમાં યાજોયેલ માસ્ટર એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં શહેરના હેમા સાગરે ગોલ્ડ અને સીલ્વર મેડલ જીત્યો.
- રાધાકૃષ્ણ મંડળ સે.૫ દ્વારા શાકોત્સવની ઉજવણીનું આયોજન કરાયું હતું.
- દિવ્ય જીવન સંઘ ગાંધીનગર દ્વારા તાજેતરમાં કચ્છના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.
- નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગણિત - વિજ્ઞાન દિવસની ઉજવણી કરાઈ
- સમર્પણ સ્કૂલમાં ફેન્સી ડ્રેસ સ્પર્ધાનું આયોજન કરાયું હતું.
- ગાંધીનગર શહેર - જિલ્લામાં કોરોનાનો એકપણ કેસ નોંધાયો નથી.

મગોડી મોન્ટે કાર્લો શિક્ષણ સંકુલમાં ૧૮૧ અભયન ટીમ દ્વારા પોસ્કો એક્ટ અંગે માર્ગદર્શન શિબિર

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર તાલુકાના મગોડી સ્થિત પી.આર. ઠક્કર હાઈસ્કૂલ, આર.એમ. પટેલ ઉ.માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ ને ૧૮૧ અભયમ હેલ્પલાઈન ટીમે પોસ્કો એક્ટ મુજબ દીકરીઓ તથા મહિલાઓને થતાં શારીરિક છેડતી, અત્યાચાર, તેમજ જાતિય સતામણી, ગુડ ટચ, બેડ ટચ, સામે કઈ રીતે બચાવ કરવો, તે વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ખાસ મહિલાઓને સાથે અત્યાચારો સામે અવાજ ઉઠઆવવો અને લડત આપવી અનેક કાયદાઓ તેમજ વિવિધ યોજનાઓની માહિતી આપી અંતમાં ૧૮૧ મહિલા હેલ્પલાઈન એપ્લિકેશન ડાઉનલોડ કરાવવા ખાસ સમજમ પુરી પાડી હતી.

નેશનલ જામ્બોરીમાં ગાંધીનગર જિલ્લો જોડાશે

ગાંધીનગર, તા. ૨૫

૧૮મી નેશનલ જામ્બોરી રાજસ્થાન પાલીના રોહત મુકામે ૯ કિ.મી. વિસ્તારમાં, ૨૭૦૦ તંબુમાં ઉપ હજાર સ્કાઉટ ગાઈડ રહેશે. જયાં બજાર, હેલીપેડ, હોસ્પિટલ તેમજ સાહસિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરવા માટે સ્ટેડિયમ, લાઈટ, પાણી, શૌચાલય જેવી વ્યવસ્થા હશે. જેમાં ભારત તેમજ પડોશી દેશોના સ્કાઉટ ભાગ લેશે.

આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા ભારત સ્કૂલ, કરાઈ વલાદના ૪ સ્કાઉટ અને ૪ ગાઈડ તેમજ શિક્ષિકા સુનિતાબેન પટેલની પસંદગી કરવામાં આવી છે. રાજયના કાર્યક્રમમને સફળ બનાવવા કંટીજંટ લીટર તરીકે ગ્રીફ્ટની જમનાબાઈ નરસી સ્કૂલના શિક્ષિકા એકતાસીંઘની રાજય સંઘે નિમણૂંક કરી છે. આ કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા સંઘના ચીફ કમિશનર રતિલાલ સી.જોષી માર્ગદર્શન આપવા હાજરી આપશે.

ઉમિયાનગર સોસાયટી ખાતે બાજપાઈનો જન્મદિવસ ઉજવાયો

ચિલોડા, તા. ૨૫

ચિલોડા ઉમિયાનગર સોસાયટી વિષ્ણુભાઈ વકીલના નિવાસસ્થાને પૂર્વ વડાપ્રધાન ભારતીય જનતા પાર્ટી, પાયાના મોભી આધારસ્તંભ સમા અટલ બિહારી બાજપાઈના જન્મદિવસ અને સુશાસન દિવસની ઉજવણી પ્રસંગે અને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મન કી બાતનો ૯૫મો એપિસોડ હર ઘર ત્રિરંગા, આઝાદી અમૃત મહોત્સવ, ટી.બી. મુક્ત ભારત, નમાની ગંગે, એક ભારત શ્રેષ્ઠ ભારત, વેક્સિનેશન, આત્મનિર્ભરતા વગેરે મુક્તકંઠે ચર્ચા કરી જન્મદિવસની ઉજવણીમાં પ્રદેશ કિશાન મોરચાના પ્રમુખ સહપ્રવક્તા હિતેન્દ્રભાઈ પટેલ સહિત ભાજપના સૌ કાર્યકરો ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં કેક કાપી તથા સમોસા નાસ્તાનું વિતરણ કર્યુ હતું.

ચંદ્રાલા વાહન ચેકીંગ દરમિયાન લકઝરી બસમાંથી ૮૪ ટ્રેટા પેક ઝડપાયા

ગાંધીનગર, તા.૨૫

ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેકીંગની કામગીરી દરમિયાન હિંમતનગર તરફથી આવી રહેલી લકઝરી બસમાં સામાનના પાર્સલોની આડમાં છુપાઈને લઈ જવાતો વિદેશી દારૂ અને બિયર સહિત ટેટ્રા પેક પણ પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે દારૂની હેરફેર કરતા શખ્સોને પકડી પાડી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના જવાનો દ્વારા વાહન ચેકીંગની કામગીરી ચાલી રહી હતી.તે સમયે હિંમતનગર તરફથી આવી રહેલી ખાનગી ટ્રાવેલ્સની બસને રોકી રોડની સાઈડમાં ઉભી રાખીને બસના ડ્રાઈવર-કંડકટરને સાથે રાખી મુસાફરોના સામાનની તલાસી લેવામાં આવી રહી હતી. તે સમયે બસની ડેકીમાં તપાસ કરતા એક શંકાસ્પદ પાર્સલ મળી આવ્યું હતું. જે અંગે પુછપરછ કરતા ડ્રાઈવરે આ પાર્સલ રાજસ્થાનના બ્યાવરથી ટ્રાવેલ્સની ઓફિસથી લાવવામાં આવ્યું છે. જે અમદાવાદ ખાતે વિજય ખડકસિંહ રાજપુતએ મંગાવ્યું છે. અમદાવાદ ખાતે જઈને ફોન કરવાનો હતો. ત્યારે પોલીસે પાર્સલ ચેક કરતા અંદર થી વિદેશી દારૂના ૮૪ ટ્રેટા પેક મળી આવ્યા હતા. પોલીસે રૂ.૭ હજારથી વધુની કિંમતના દારુ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી હતી. તો બીજીતરફ વધુ એક લકઝરી બસમાંથી દારૂની ૪૮ બોટલ અને ૨૦ બિયરના ટીન સાથે જયદીપ ભીખાલાલ ઝાલા (રહે સરસપુર)ની પોલીસે ધરપકડ કરી કુલ રૂ.૧૪ હજારનો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના મીનાબજારમાંથી પિસ્તોલ લઈ ફરતો યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૨૫

શહેરના જુના સચિવાલય મીનાબજાર વિસ્તારમાં નોનવેજની દુકાનો પાસે પિસ્તોલ લઈને ફરી રહેલા કલોલના ૨૨ વર્ષિય યુવકને બાતમીને પગલે ગાંધીનગર એલસીબી પોલીસે દબોચી પાડ્યો છે. પોલીસે મશીનકટ પિસ્તોલ મેગજીન સાથે કિં.રૂ.૫૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેર-જિલ્લા વિસ્તારમાં ગુનાહિત પ્રવૃતિઓ ઉપર કાબુ મેળવવા માટે એલસીબી પીઆઈના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ.પી.સોલંકી સ્ટાફના જવાનો સાથે સેકટર-૨૧ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે સમયે પોલીસને બાતમી મળી હતી કે જુના સચિવાલય પાછળ આવેલ નોનવેજની દુકાન પાસે એક શખ્સ ગેરકાયદેસર પિસ્તોલ લઈને ફરી રહ્યો છે. જેથી એલસીબી પોલીસે તકદીર નોનવેજની પાછળથી નશાની હાલતમાં એક શખ્સને દબોચી લેવામાં આવ્યો હતો. શખ્સની પુછપરછ કરતા તેણે પોતાનું નામ ભાવેશ કાંતિલાલ ચૌહાણ (રહે. ઓમ રેસિડેન્સી લાયસન્સ નગરની બાજુમાં કલોલ રેલ્વે પૂર્વ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની તલાસી લેતા તેની પાસેથી મશીન કટ પિસ્તોલ મળી આવી હતી. જે અંગે પોલીસે કડક પુછતાછ કરી હતી. પરંતુ નશામાં ચકચુર ભાવેશ કોઈ પણ જવાબ આપી શક્યો ન હતો. આ અંગે મળતી માહિતી મુજબ યુવકને પિસ્તોલ કલોલમાંથી બિનવારસી મળી હોવાનું કહી રહ્યો છે. પરંતુ યુવક નશાની હાલતમાં હોવાથી વધુ સઘન પુછતાછ કરી શકાઈ નથી. જયારે મીના બજારમાં નોનવેજની દુકાનો પાસે યુવક પિસ્તોલ સાથે કેમ ફરી રહ્યો હતો તે અંગે પણ પુછપરછ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે મીનાબજારમાં નોનવેજની હાટડીઓ હોવાથી સાંજ ઢળતા જ મોટીસંખ્યામાં યુવકો જમવા માટે ઉમટી પડે છે.જયારે કેટલીક વખતા નાના મોટા ઝઘડાઓ પણ થતા રહેતા હોય છે. મીનાબજારમાં રાત્રીના અંધકારમાં અસામાજીક પ્રવૃતિઓ પણ ધમધમતી હોય છે. ત્યારે પોલીસ દ્વારા આ વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

નેશનલ ફાર્મસ દિવસ અંતર્ગત ખેડૂત શિબિર

ગાંધીનગર, તા. ૨૫

નેશનલ ફાર્મસ ડે સ્વર્ણિમ અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી હસ્તકની સ્વર્ણિમ કોલેજ ઓફ એગ્રીકલ્ચર દ્વારા ભોયણ રાઠોડ ગામના પ્રગતિશીલ ખેડૂત બચુભાઈના ખેતરમાં ઉજવવામાં આવ્યો હતો. જે અંતર્ગત એક ખેડૂત શિબિરનું આયોજન કર્યું હતું. ભોયણ રાઠોડ ગામના ૩૦ થી ૩૫ ખેડૂતો હાજર રહ્યા હતા. પ્રથમ બચતુભાઈનું સ્વાગત ડૉ. એન.એમ. પટેલ (પ્રિન્સિપાલ)એ બુકેથી કર્યું હતું. ત્યારબાદ ખેડૂતોનું સ્વાગત દર્શના રાઠોડ, કૃપા પંચાલ અને વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

સૌપ્રથમ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. એન.એમ. પટેલ એ ખેડૂતો તેમજ વિદ્યાર્થીઓને બાગાયતી પાક અને અન્ય પાકોમાં ઉત્પાદન વધારવાની ચાવીઓ વિશે સમજાવ્યું હતું. ત્યારબાદ આ વિસ્તારમાં વવાતા પાકોમાં આપવાની થતી માવજતો વિશે જણાવ્યું હતું.

પ્રેમધારા સ્કૂલના વિદ્યાર્થીઓનો સ્કેટિંગ સ્પર્ધામાં શાનદાર દેખાવ

તાજેતરમાં સમર્પણ પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે યોજાયેલ રોલર સ્પીડ સ્કેટિંગ સ્પર્ધામાં પ્રેમધારા સ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને વિવિધ કેટેગરીમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરી શાળા તથા શહેરનું નામ રોશન કરેલ હતું. સ્કેટિંગ કોચ જતીન દવે, શાળાના આચાર્ય રેશ્મા મેડમ, શાળા ટ્રસ્ટી આશા મેડમ, સંયોજક દેવેન સરે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

કોલવડા નજીક ખેતરમાંથી વિદેશી દારૂની ૮ બોટલ મળી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના કોલવડા ગામ થી સોનીપુર જતા માર્ગ પર ખેતરમાં લાકડાના ઢગલામાંથી વિદેશી દારૂની ૮ બોટલ પેથાપુર પોલીસે કબ્જે કરી પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથક વિસ્તારમાં જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન કોલવડા ગામ દરબાર ભાગોળ નજીક આવતા પોલીસને બાતમી મળી હતી કે કોલવડા-સોનીપુરા જવાના માર્ગ પર પેપલુવાળા વિસ્તારમાં કમલેશસિંહ ઉર્ફે લાલભાઈ રતનસિંહ વાઘેલાના ખેતરમાં તેમના ભાણા હરપાલસિંહ ઉર્ફે ભોલો કમલેશસિંહ ચાવડા (મુળ રહે પડુસ્મા રહે પાંડવનગર કોલવડા) ખેતરમાં વિદેશી દારૂ રાખી છુટક વેચાણ કરે છે.

જેથી પોલીસે બાતમીવાળી જગ્યા પર જઈ રેઈડ પાડી ખેતરમાંથી કમલેશસિંહ વાઘેલાને પકડી પાડ્યો હતો.જયારે ખેતરમાં તપાસ કરતા બાવળના ઝાડ સાથે લાકડાનો ઢગલો ખડકાયેલ હતો.તેને ખસેડીને પોલીસે ચેક કરતા વિદેશી બનાવટની ૮ બોટલ દારૂની મળી આવી હતી. પોલીસે રૂ.૨૭૯૨ ની કુલ નંગ-૮ બોટલ જપ્ત કરી પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર મેડીકલ કોલેજને એક જ દિવસમાં બે દેહદાન મળ્યા

ગાંધીનગર તા. ૨૫

ગાંધીનગર મેડીકલ કોલેજને પહેલીવાર એક જ દિવસમાં બે દેહદાન પ્રાપ્ત થયા છે.

ગાંધીનગર જુનિયર સિટીઝન્સકાઉન્સીલના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે એક જ દિવસમાં બે દેહદાન ૨૦૨૨માં પહેલીવાર મળ્યા છે. ૨૦૧૨-૧૩માં સંસ્થાને એક જ દિવસમાં ત્રણ ચક્ષુદાન મળ્યા હતા.

ગાંધીનગર સે.૨૨માં શ્રીમતી ધીરજબેન યાદવનું કુદરતી રીતે અવસાન થતાં તેઓની દિકરીની પ્રેરણાથી જુનિયર સિટીઝન કાઉન્સીલના સહયોગથી તેમનું દેહદાન કરવામાં આવ્યું હતું. સ્વ. ધીરજબેન યાદવ એ જુનિયર સીટીઝન કાઉન્સીલના આજીવન સભ્ય હતા તેમ સંસ્થાના સૂત્રોએ જણાવ્યું છે.

બીજુ દેહદાન સે.૪માં રહેતા શ્રીમતી શર્મિષ્ટાબેન પ્રવિણચંદ્ર ત્રિવેદીનું કુદરતી રીતે અવસાન થતાં તેઓના પરિવારની પ્રેરણાથી જુસિકાના સહયોગથી ગાંધીનગર મેડીકલ કોલેજને દેહદાન અને ચક્ષુદાન કરવામાં આવેલ છે. આ દેહદાન સ્વીકારવા મેડીકલ કોલેજના ડૉ. પ્રો. અંકુર, ડૉ. પ્રો. સુદર્શન, જુસિકાના એડવોકેટ હિતેશ રાવલ, દિનેશભાઈ દવે, શુભમભાઈ અને દિલીપભાઈ હાજર રહ્યા હતા.

મળતી વિગતો પ્રમાણે સ્વ. શર્મિષ્ઠાબેને ૨૦૦૬ના વર્ષમાં દેહદાન અંગેનું સંકલ્પ પત્ર ભરી અને જુસિકાને આપ્યું હતું. તેમનો પરિવાર દેહદાન અને ચક્ષુદાનના સંકલ્પ પત્રો ભરાવવા માટે ભારે જહેમત કરી રહ્યાનું પણ જુસિકાના સૂત્રોએ જણાવ્યું હતું. ગાંધીનગર મેડીકલ કોલેજને એક જ દિવસમાં બે દેહદાન મળ્યા છે. તબીબી શિક્ષણ ક્ષેત્રે ગાંધીનગર મેડીકલ કોલેજે પોતાની આગવી ઓળખ ખૂબ જ ટૂંકાગાળામાં પ્રાપ્ત કરી છે.

પતંગમાં પણ મોદી મેજીક છવાયો

પતંગ રસિયાઓમાં વડાપ્રધાન મોદીનાં વિવિધ ફોટાવાળી પતંગો આકર્ષણનું કેન્દ્ર બની રહેશે

ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ૧૫૬ બેઠકો સાથે ભાજપનો ભવ્ય વિજય થયો છે. આ ઐતિહાસિક જીતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો મહત્વપૂર્ણ ફાળો છે. ત્યારે ઉત્તરાયણનાં તહેવારમાં આકાશમાં ઉડનાર પતંગોમાં પણ મોદીનો ક્રેઝ જોવા મળી રહ્યો છે. પતંગ રસિયાઓમાં મોદીનાં વિવિધ ફોટાવાળી પતંગો આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય થતા જ પ્રધાનમંત્રી મોદી હવે પતંગોમાં પણ છવાઈ ગયા છે.હવે મકરસંક્રાંતિ ને ગણતરીના જ દિવસ બાકી છે ત્યારે પતંગ બજારમાં પણ ધીમે ધીમે પતંગ દોરીની ખરીદીમાં ઘરાકી જોવા મળશે.

PM મોદીની તસવીરો ધરાવતા પતંગોની જોરદાર ડિમાન્ડ

જાણવા મળતી વિગત મુજબ વિધાનસભામાં ૧૫૬ બેઠકો સાથે ભાજપની ઐતિહાસીક જીતની ઉજવણી પણ સંપન્ન થઇ ગઇ છે. પણ હવે આકાશમાં પણ આ ભવ્યજીતની ઉજવણી થવાં જઇ રહી છે.

પતંગના ભાવમાં ૨૦-૨૫%નો વધારોઃ

મકરસંક્રાંતિને એક મહિના પહેલા બજારમાં ચહલ-પહલ શરૂ થઈ જતી હોય છે. કાગળ-કપાસમાં ભાવ વધારો થતા દોરા અને પતંગનાં ભાવમાં ૨૦-૨૫% વધારો નોંધાયો છે. આ વખતે ભાજપનો ભવ્ય વિજય થયો હોવાથી વડાપ્રધાન મોદી અને ડબલ એન્જીનની સરકાર સહિતની પતંગો આકર્ષણનું કેન્દ્ર બની ગઈ છે. લોકોમાં મોદીની પતંગોની ભારે માંગ જોવા મળી રહી છે. જોકે બાળકોમાં કાર્ટૂન કેરેક્ટરની પતંગોની માંગ યથાવત છે. પરંતુ મોટેરાઓ મોદી અને ભાજપ ઉપર પસંદગી ઉતારી રહ્યા હોવાથી ઉત્તરાયણ મોદીમય બની રહેશે.

આકાશમાં ઉડશે PM મોદીના પતંગોઃ

આ ઉપરાંત મોદીની પદ્નની છાતી હોવાનું કહેવાય છે. એ કારણે માંજા રીલમાં એકે-૫૬ બ્રાન્ડ સૌથી વધારે લોકપ્રિય બની છે. ત્યારે એકે-૫૬ની સંગતમાં મોદીનાં ફોટાવાળા પતંગોનાં પેચ લગાવવા હાલ પતંગબાજો થનગની રહ્યા છે. ત્યારે મકરસંક્રાંતિ મોદીમય બની જશે તે કહેવું જરાપણ અતિશયોક્તિ ભર્યું નથી